# સરદાર પટેલ યુનિવર્સિટી

## મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સભા

## કાર્યનોંધ

મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સભા **તારીખ:૧૭/૩/૨૦૨૧ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે** યુનિવર્સિટી કાર્યાલયના જુના સિન્ડિકેટ ખંડમાં મળી હતી.

સભામાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહયા હતા:

(૧) ડૉ. દર્શના આર. દવે(અધ્યક્ષ)

(૨) ડૉ. વાય. સી. જોષી

(૩) ડૉ. વિલાસ કુલકર્ણિ

(૪) ડૉ. એસ. આર. અજમેરી

(૫) શ્રી દેવાંગ બી. ત્રિવેદી

સભાની શરૂઆતમાં આવાહકશ્રીએ સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા. ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

૧. તારીખ: ૧૦/૧૦/૨૦૧૯ના રોજ મળેલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે તારીખ:૧૦/૧૦/૨૦૧૯ના રોજ મળેલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સભાની કાર્યનોંધને બહાલી આપવામાં આવી.

૨. મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર સ્નાતક કક્ષાની(તમામ છ બ્રાન્ચ) તેમજ અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં લેવાનારી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરવા બાબત.

> આથી ઠરાવવામાં આવે છે કે મેનેજમેન્ટ વિષયનીઅભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા તમામ વિષયો માટે ચોઇસ બેઇઝ ક્રેડિટ સિસ્ટમ અનુસાર સ્નાતક કક્ષાની(તમામ છ બ્રાન્ચ) તેમજ અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨માં લેવાનારી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પરીક્ષકોની યાદી તૈયાર કરી ચેરમેનશ્રીની સહી સાથે પરબારા યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સુપ્રત કરવી.

૩. મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમોમાં સુધારો કરવા તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવા માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ બિડાણમાં દર્શાવ્યા મુજબના સ્નાતક અને અનુસ્નાતકના પ્રથમ અને બીજા સેમેસ્ટરના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા ચર્ચા વિચારણા કરવા બાબત. **(બિડાણ-૧)**

ચાલુ...

આથી ઠરાવવામાં આવે છે કે મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિના કાર્યક્ષેત્રમાં આવતા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ સેમેસ્ટરના અભ્યાસક્રમોમાં સુધારો કરવા તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી કરવા માટે નિમેલ સિલેબસ રીવીઝન કમિટીએ તૈયાર કરેલ બિડાણમાં દર્શાવ્યા મુજબના સ્નાતક અને અનુસ્નાતકના પ્રથમ અને બીજા સેમેસ્ટરના સુધારા સહિતના અભ્યાસક્રમો મંજૂર કરવા. તેમજ તેનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ થી કરવો.

૪. અભ્યાસ સમિતિ પર એક તજજ્ઞ(કો.ઓપ્ટ મેમ્બર)ની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અભ્યાસ સમિતિ પર નીચેના સભ્યની તજજ્ઞ(કો.ઓપ્ટ મેમ્બર) તરીકે નિમણૂક કરવી.

**તજજ્ઞ(કો.ઓપ્ટેડ મેમ્બર):**

Prof.(Dr.) Nishith Bhatt
Professor, MBA Department
Hemchandracharya North Gujarat University
PATAN-384265.
M.No.8780805740

## સરદાર પટેલ યુનિવર્સિટી
## મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સભા
## **કાર્યનોંધમાં સુધારો**

તારીખ: ૧૭/૩/ ૨૦૨૧ ના રોજ મળેલ મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિની સભામાં મંજૂર થયેલ બાબત ક્રમાંક:૩માં શરતચૂકથી સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના સુધારેલા અભ્યાસક્રમોનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ થી કરવા લખાઇ ગયેલ છે. જેના બદલે સદર સુધારેલા અભ્યાસક્રમોનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી ક્રમશઃ કરવો. તેમ વંચાણે લેવા વિનંતી.

નંબર: ડી/બી-૩/૬૦૧૨(૧)
વલ્લભ વિદ્યાનગર
તારીખ: ૫/૪/૨૦૨૧

ઈ.ચા. નાયબ કુલસચિવ

પ્રતિ:
મેનેજમેન્ટ વિષયની અભ્યાસ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ.
પરીક્ષા વિભાગ તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહિ કરવા સારૂ.
નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ યુનિવર્સિટીની વેબસાઇટ(નોટિસ અને સરક્યુલર)પર મૂકવા સારૂ.